ક્રમાંક/ડીઆઈએસએચ/એફ-નકશા/૨૦૧૫/ 1511
ડાયરેકટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી
શ્રમ ભવન ત્રીજો માળ ગન હાઉસની બાજુમાં
રૂસ્તમકામા માર્ગ ખાનપુર અમદાવાદ-૦૧
તા. 22/ 7 /૨૦૧૫

ડાયરેકટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ ની કચેરી
ભરૂચ
આવક નંબર 2598
તારીખ 28-7-2015

પ્રતિ,
કબ્જેદારશ્રી,
ONGC PETRO ADDITIONS LTD.
PLOT NO. Z-1 & Z-83, SEZ AREA, DAHEJ, TAL. VAGRA, DIST. BHARUCH.

વિષયઃ- સને ૧૯૪૮ના કારખાનાના અધિનિયમ અન્વયે વિસ્તૃતીકરણ નકશા મંજુર કરવા અંગે.

મહાશય

ઉપરોકત વિષયના સંદર્ભના આપના કારખાનાના નકશાની નકલ- નકલો નીચેની શરતોને આધીન રહીને મંજુર કરી પરત કરવામાં આવે છે.

(૧) મકાન કે વિસ્તૃતિકરણનો કારખાના તરીકે ઉપયોગ કરતા પહેલા મંજૂર થયેલ નકશામાં બતાવેલ કારખાનાનું વિસ્તૃતિકરણનું બાંધકામ, પ્લાન્ટ તથા મશીનરી અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરીંગનું કારખાનાની મજબુતાઇ ચકાસ્યા અંગેનું સ્ટેબિલીટી સર્ટીફિકેટ ગુજરાત કારખાનાના નિયમ-૧૯૬૩ના નિયમ-૩(ગ) હેઠળ નક્કી કરેલ નમૂના-૧(એ)માં આપવું. સાથે બાંધકામની સ્ટ્રકચરલ ડીટેઇલ,ડીઝાઇન અને ડ્રોઇંગ રજુ કરવું. ઉપરાંત કારખાનાનું મકાન તેના ફ્લોર સહિત એક ચોરસમીટર ક્ષેત્રફળમાં કેટલુ વજન સહન કરી શકશે અને તેની સામે મુકવા ધારેલ વજન એક ચો.મી.માં કેટલું છે. ત્યાં કઇ રીતે બાંધકામ સલામત છે. તેની ગણતરી સહિતની વિગત સ્ટેબિલીટી સર્ટીફિકેટ સાથે રજુ કરવી.ઉપરાંત બાંધકામની તાકાત લેબોરેટરી ટેસ્ટ કરાવીને તેના પરિણામ સાથે ગણતરીને સરખાવીને રજુ કરી તે અંગેની જાણ ડાયરેકટર ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થશ્રીની (કારખાનાના મુખ્ય નિરીક્ષકશ્રી) સ્વિકૃતિ મેળવવી.

(૨) નવું તથા વધારાનું બાંધકામ કરતાં અગાઉ સ્થાનિક સત્તાવાળા જેવાકે,નગરપાલિકા/નગર પંચાયત/જીલ્લા પંચાયત /ગ્રામ પંચાયત/જાહેર બાંધકામ ખાતું/ જી.આઇ.ડી.સી. વગેરેની પાસેથી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૩) તમારા કારખાનામાંથી નીકળતા વ્યવસાયિક બગાડ જેવા કે, ગંદુપાણી, ધુમાડો, ધુળ, ગેસીઝ વિગેરેના નિકાલ અંગેની જલવાયુ પ્રદૂષણ સત્તાવાળાઓ પાસેથી મંજૂરી મેળવવી.

(૪) સ્ટોર/ગોડાઉનનો ઉપયોગ ઉત્પાદન પ્રકીયામાં લેવાનો રહેશે નહિ.

(૫) ગુજરાત ફેકટરી રૂલ્સના નિયમ-૧૦૨ હેઠળના શિડયુલ તથા નિયમ-૫૪ની જોગવાઇઓમાં જણાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) સુધારેલ ગુજરાત ફેકટરી રૂલ્સનાં નિયમ-૬૬(એ) અન્વયે આગ પ્રતિરોધક સાધનો વસાવી નિભાવવાના રહેશે.

(૭) કારખાનામાં વપરાતા હેઝાર્ડસ કેમીકલ અંગેની માહિતી ગુજરાત ફેકટરી રૂલ્સ નિયમ-૬૮(કે)અન્વયે દરેક શ્રમયોગીઓને બુકલેટ સ્વરૂપે આપવાની રહેશે.

(૮) કારખાનામાં કામ કરતી વખતે શ્રમયોગીઓને યોગ્ય સલામતીના સાધનો વસાવી પુરા પાડવા.તેમજ ઇમરજન્સી વખતે શ્રમયોગીઓ સહેલાઇથી નીકળી શકે તે માટે રસ્તા/સીડીઓ અડચણ રહીત કાયમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૯) સોલ્વન્ટનો જયાં સંગ્રહ થાય છે/વપરાય છે.ત્યાં તમામ પ્રકારના ઇલેકટ્રીક વાયરીંગ ફલેમ પ્રુફ પ્રકારના કરી નિભાવવા ના રહેશે તથા સોર્સઓફ ઇગ્નીશ ન મળે તેવી કાયમની સ્થિતિ નિભાવવાની રહેશે

(૧૦) નવા કારખાના માટે નવું બાંધકામ કરેલ હોય તો BOC & CESS ACT ની જોગવાઇ મુજબ બાંધકામની કુલ કિંમતના ૧ ટકા લેખે સેસની રકમ સેસ કલેકટર સમક્ષ જમા કરાવી તેના આધાર/પુરાવા રજુ કરવાના રહેશે.

આપનો વિશ્વાસુ

(ડી.સી.ચૌધરી)
ડાયરેકટર
ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ
ગુજરાત રાજય અમદાવાદ

ક્રમાંક/ડીઆઈએસએચ/એફ-નકશા/૨૦૧૫/ 1512
ડાયરેકટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી
શ્રમ ભવન ત્રીજો માળ ગન હાઉસની બાજુમાં
રૂસ્તમકામા માર્ગ ખાનપુર અમદાવાદ-૦૧
તા. 22/ 7 /૨૦૧૫

નકલ રવાનાઃ-

ડે.ડાયરેકટરશ્રી, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, BHARUCH ની જાણ સારૂ મંજુર થયેલ નકશાની નકલ-નકલો જે તા;-08/05/2015 ના પત્ર ક્રમાંક 1104 થી મોકલેલ તે આ સાથે પરત કરેલ છે.

24/7/15

(ડી.સી.ચૌધરી)
ડાયરેકટર
ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ
ગુજરાત રાજય અમદાવાદ